Extra No. 74

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, MARCH 6, 2026 / PHALGUNA 15, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), પાટણના જા.નં.ડીપી/પીબી/વશી/૫૨૦-૨૩/૨૦૨૬ .૨૦/૦૨/૨૦૨૬

:: જાહેરનામું ::-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો હુકમ

જાહેરનામાં ક્રમાંક.એમએજી(૧)/વશી/૨૬૮૧ થી ૨૭૪૨/૨૦૨૬- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), પાટણના જા.નં.ડીપી/પીબી/વશી/૫૨૦-૨૩/૨૦૨૬/૨૦/૦૨/૨૦૨૬થી તેઓની કચેરી હસ્તકના રણુંજ એપ્રોચ રોડ ઉપર રણુંજ ગામમાં આવેલ સ્લેબડ્રેઈન (ચેઈ.૦/૯૦૦)એ આલેખન વિભાગના ના.કા.ઈ.શ્રી દ્વારા થયેલ સ્થળ તપાસ મુજબ સ્લેબડ્રેઈન પુઅર બતાવેલ છે અને વાહનવ્યવહાર માટે સલામત નથી, જેથી સદર રસ્તા પરનો વાહનોનો ટ્રાફિક તા.૦૧-૦૩-૨૦૨૬ થી નવિન સ્લેબડ્રેઈનનું બાંધકામ ન થાય ત્યાં સુધી બંધ કરી નીચે મુજબના રસ્તાઓ પર ડાયવર્ઝન આપવા જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ડાયવર્ઝન પ્લાન			
ક્રમ	**રૂટ**	**વાહનોનો પ્રકાર**	**વૈકલ્પીક રૂટ**
૧.	પાટણ-લણવા રોડ પરથી રણુંજ ગામ તરફ	બધા જ પ્રકારના વાહનો	રણુંજ રેલ્વે સ્ટેશન ટુ ગંજ માર્કેટ રોડ થઈને જશે.
૨.	રણુંજ ગામમાંથી પાટણ-લણવા રોડ તરફ	બધા જ પ્રકારના વાહનો	રણુંજ રેલ્વે સ્ટેશન ટુ ગંજ માર્કેટ રોડ થઈને જશે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), પાટણ રણુંજ એપ્રોચ રોડ ઉપર રણુંજ ગામમાં આવેલ. સ્લેબડ્રેઈન વાહન વ્યવહાર માટે ખરાબ સ્થિતીમાં હોઈ, નવીન સ્લેબડ્રેઈનનું બાંધકામની કામગીરી શરૂ હોઈ વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ, IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ રણુંજ એપ્રોચ રોડ ઉપર રણુંજ ગામમાં આવેલ સ્લેબડ્રેઈન ઉપરથી પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

ડાયવર્ઝન પ્લાન			
ક્રમ	**રૂટ**	**વાહનોનો પ્રકાર**	**વૈકલ્પીક રૂટ**
૧.	પાટણ-લણવા રોડ પરથી રણુંજ ગામ તરફ	બધા જ પ્રકારના વાહનો	રણુંજ રેલ્વે સ્ટેશન ટુ ગંજ માર્કેટ રોડ થઈને જશે.
૨.	રણુંજ ગામમાંથી પાટણ-લણવા રોડ તરફ	બધા જ પ્રકારના વાહનો	રણુંજ રેલ્વે સ્ટેશન ટુ ગંજ માર્કેટ રોડ થઈને જશે.

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યક્તિ / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ/બ્રિજ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), પાટણએ મુકવાના રહેશે. આ જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવું.

આજ રોજ તારીખ ૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:37:05 IST